પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૨૬ ૮ ફેબ્રુઆરી, ૨૦૨૩, બુધવાર; મહા વદ - ૩ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# તુર્કી-સીરિયામાં ભૂકંપથી તારાજીનું તાંડવ

**અત્યાર સુધીમાં ૪૦૦૦ થી વધુનાં મોત : WHOએ કહ્યું કે, મૃતકોની સંખ્યા ૨૦ હજાર થઈ શકે છે, ચારેકોર લાશોના ઢગલા : તુર્કી અને સીરિયામાં સોમવારે આવેલા શક્તિશાળી ભૂકંપથી અત્યાર સુધીમાં ચાર હજારથી વધુ લોકોનાં મોત થઈ ચૂક્યા છે, ૭.૮ની તીવ્રતાવાળા ભૂકંપ બાદ એક બાદ એક ભૂકંપ આવ્યા હતા**





અંકારા,તા.૭

તુર્કી અને સીરિયામાં સોમવારે આવેલા ભૂકંપથી અત્યાર સુધીમાં ૪૦૦૦થી વધુ લોકોનાં મોત થયા છે. ત્રણ મોટા ભૂકંપ બાદ તુર્કી અને સીરિયામાં ભારે તબાહી સર્જાઈ છે. રિક્ટર સ્કેલ પર ૭.૮, ૭.૬ અને ૬ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. જે બાદ ચારેકોર લાશોના ઢગલાં જોવા મળી રહ્યા છે. પ્રાપ્ત રિપોર્ટ મુજબ, હજારો લોકો ઘાયલ થયા છે અને કાટમાળ નીચે ફસાયેલા પોતાના લોકોને શોધી રહ્યા છે. ભારત સહિત દુનિયાના અનેક દેશોએ રાહત સામગ્રી રવાના કરી દીધી છે. ડિઝાસ્ટર એન્ડ ઈમરજન્સી મેનેજમેન્ટ ઓથોરિટીએ જણાવ્યું કે તુર્કીમાં ભૂકંપથી ૨૯૨૧ અને સીરિયામાં ૧૪૪૪ લોકોનો મોત થઈ ચૂક્યા છે. માનવમાં આવી રહ્યું છે કે, આ મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે. પહેલો ભૂકંપ તુર્કીના ગજિયાનટેપ પ્રાંતની નજીક નૂરદાગીમાં આવ્યો હતો, જે સીરિયા બોર્ડર પર છે. બીજો ભૂકંપ એકિનોઝાહુમાં આવ્યો હતો, જે કહારનમારસ પાસે છે અને ત્રીજો ભૂકંપ ગોકસનમાં આવ્યો હતો જે આજ પ્રાંતમાં છે. આ વિનાશક ભૂકંપ બાદ રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગાન તરફથી સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે. આ દરમિયાન આખા દેશમાં અને બીજા દેશોમાં તેમના દૂતાવાસો પર તુર્કીના ઝંડાને અડધો નમેલો રાખવામાં આવશે. મંગળવારે તુર્કી અને સીરિયામાં ભૂકંપના ઝટકા આવવાનું હજુ પણ ચાલુ છે. ચોવીસ કલાકમાં અહીં અનેક ઝટકા આવી ચૂક્યા છે. જે બાદ લોકોમાં પણ ભારે ડરનો માહોલ છે. ઉઓ તરફથી એવું કહેવામાં આવ્યું છે કે, ભૂકંપના કારણે બંને દેશોનો મૃત્યુઆંક ૨૦ હજાર સુધી પહોંચી શકે છે.

## રાહત સામગ્રી ભરેલા ભારતીય વિમાનને એરસ્પેસનો ઉપયોગ કરવા દેવા પાક.નો ઈનકાર

**મિત્ર દેશ તૂર્કી સાથે પણ પાકિસ્તાનની દાંડાઈ : પાકિસ્તાન દ્વારા પોતાના એર સ્પેસનો ઉપયોગનો ઈનકાર કરાતા ભારતીય વિમાને લાંબો રૂટનો સહારો લેવો પડ્યો**

નવી દિલ્હી, તા.૭

હાલ તૂર્કી ભૂકંપ જેવી મોટી મુસીબતોનો સામનો કરી રહ્યું છે. તૂર્કી અને સિરીયામાં આવેલા ભૂકંપના કારણે હજારો લોકોના મોત નિપજ્યા છે, તો હજારો લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. એટલું જ નહીં એક જ દિવસમાં આવેલા ૩ ભૂકંપના કારણે સંખ્યાબંધ ઈમારતો પણ ધ્વસ્ત થઈ છે. આ ઘટનામાં હજુ પણ મૃત્યુઆંક વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. દરમિયાન તૂર્કીને મદદ કરવા માટે ભારત સહિત વિશ્વભરના દેશો આગળ આવ્યા છે, જોકે આ દુઃખ ઘટનામાં પણ પાકિસ્તાનની 'ગંદી હરકતો' સામે આવી છે. પોતાને તૂર્કીનો સૌથી મોટો મિત્ર કહેનાર પાકિસ્તાને રાહત સામગ્રી ભરેલા ભારતીય વિમાનને તેના એર સ્પેસનો ઉપયોગ કરવાની ઈનકાર કરી દીધો છે. અંગ્રેજી ન્યૂઝ ચેનલ

● અનુસંધાન પાન-૭ પર

## ફૂટબોલ પ્લેયર ક્રિશ્ચિયન અત્સુને કાટમાળમાંથી બહાર કઢાયો

**ઘાના ફૂટબોલ એસોસિએશને ટ્વિટર પર માહિતી આપી : તુર્કીમાં વિનાશક ભૂકંપ બાદ કાટમાળ નીચે હજારો દટાયા**

અંકારા, તા.૭

તુર્કીમાં આવેલા વિનાશક ભૂકંપને પગલે પૂર્વ ચેલ્સી અને ન્યૂકેસલ ફોરવર્ડ ક્રિશ્ચિયન અત્સુ કાટમાળ નીચે દટાઈ ગયા હતા. જોકે ભારે જહેમત બાદ તેઓને બચાવી લેવામાં આવ્યા છે. આ માહિતી ઘાના ફૂટબોલ એસોસિએશને ટ્વિટર પર આપી હતી. ઘાનાનો ખેલાડી આત્સુ તુર્કી ક્લબ હેટેસ્પોર માટે રમે છે. ક્લબના પ્રવક્તા મુસ્તફા ઓઝતે જણાવ્યું કે તે બિલ્ડીંગમાં હતા. તે દરમિયાન તે બિલ્ડીંગ જે ધ્વસ્ત થઈ ગઈ છે. ક્લબના બે ખેલાડીઓને કાટમાળમાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે.



અત્સુને હાલ કઈ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો છે તે જાણી શકાયું નથી, પરંતુ ઘાના ફૂટબોલ એસોસિએશને મંગળવારે તેના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટ પર લખ્યું કે 'અમને સકારાત્મક સમાચાર મળ્યા છે કે ક્રિશ્ચિયન અત્સુને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યો છે.' જોકે હાલ તેના વિશે કોઈ વિગતવાર માહિતી આપવામાં આવી નથી.

સોમવારે તુર્કી અને પડોશી સીરિયામાં ૭.૮ ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. જેમાં ૫,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા અને હજારો ઘાયલ થયા છે. ભૂકંપના કારણે હજારો ઈમારતોને ભારે નુકસાન થયું છે.

## ગૌતમ અદાણીની ટોપ-૨૦ અમીરોના લિસ્ટમાં વાપસી

**અદાણીની સંપત્તિમાં ૪૬ કરોડ ડોલરનો ઉછાળો : ગૌતમ અદાણીની નેટવર્થમાં ૪૩ કરોડ ડોલરનો વધારો થયો : અમીરોની યાદીમાં મુકેશ અંબાણી હવે ૧૨મા ક્રમે**

નવી દિલ્હી, તા.૭

અદાણી જૂથના વડા ગૌતમ અદાણી વિશ્વના અમીરોના લિસ્ટમાં પાછળ ધકેલાઈ ગયા પછી ફરી ૫ ક્રમ આગળ આવી ગયા છે. ફોર્બ્સની વિશ્વના ટોપ-૨૦ અમીરોની યાદીમાં ગૌતમ અદાણી ૧૭મા ક્રમ પર આવી ગયા છે. ગયા અઠવાડિયે તેઓ ટોપ ૨૦ના લિસ્ટમાંથી બહાર ફેંકાઈને ૨૨મા ક્રમે પહોંચી ગયા હતા, પરંતુ આજે તેમની કંપનીઓના શેર વધતા અદાણીની નેટવર્થમાં ૪૬.૩ કરોડ ડોલરનો વધારો થયો હતો. અદાણી હવે ૬૧.૧ અબજ ડોલરની સંપત્તિ ધરાવે છે. અદાણી ગ્રૂપના ફિયાસ્કો પછી વિશ્વના ટોપ-૧૦ અમીરોની યાદીમાં હવે એક પણ ભારતીય નથી. અદાણી પ્રકરણ શરૂ થયું તે અગાઉ આ લિસ્ટમાં ગૌતમ અદાણી ત્રીજા ક્રમે અને રિલાયન્સ જૂથના વડા મુકેશ



અંબાણી૯મા ક્રમે હતા.

આજે અદાણી ટોટલ ગેસને બાદ કરતા અદાણી ગ્રૂપની તમામ કંપનીઓના શેર વધ્યા હતા. અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર આજે ૨૦ ટકા જેટલો વધી ગયો હતો.

ફોર્બ્સની યાદીમાં જે ધનિકોના નામ છે તેમાં આજે એક દિવસમાં સૌથી વધુ કમાણી ગૌતમ અદાણીએ કરી છે. તેમની સંપત્તિમાં ૪૬.૩ કરોડ ડોલરનો વધારો થયો હતો. જ્યારે ઈલોન મસ્કની સંપત્તિ એક દિવસમાં ૩૦૦ કરોડ ડોલર, તાડાશી યાનાઈની સંપત્તિ ૭૦ કરોડ ડોલર અને રવિ જયપુરિયાની સંપત્તિ ૬૭.૫ કરોડ ડોલર વધી હતી.

ફોર્બ્સની ટોપ-૧૦ ધનિકોની યાદીમાં શરૂઆતના નામોમાં કોઈ ફેરફાર થયો નથી. બર્નાર્ડ આર્નોલ્ટ ફેમિલી હજુ પણ ૨૧૬ અબજ ડોલરની સંપત્તિ સાથે પ્રથમ ક્રમે છે. ત્યાર પછી ઈલોન મસ્ક ૧૮૭ અબજ ડોલરની મિલ્કત સાથે બીજા સ્થાને અને એમેઝોનના જેફ બેઝોસ ૧૨૫

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીની તબિયત ફરીથી લથડી

**સંસદમાંથી રાહુલ ગાંધી માતાને લઈને રવાના : સંસદમાં અચાનક બેચેની અનુભવવા લાગ્યા હતા**

નવી દિલ્હી, તા.૭

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીની તબિયત ફરી એકવાર બગડી છે. સંસદમાં સોનિયા ગાંધીની તબિયત લથડી હોવાની માહિતી મળી રહી છે. જે બાદ સોનિયા ગાંધીને રાહુલ ગાંધી સસંદમાંથી ઘરે લઈ ગયા છે. જ્યાં તેઓની સારવાર હાથ ધરવામાં આવશે. લોકસભાની કામગીરી પહેલા સોનિયા ગાંધીની ફરી એકવાર તબિયત લથડી છે.

સોનિયા ગાંધીએ ગરમ જેકેટ પહેર્યું હતું, ત્યારે સંસદમાં અચાનક બેચેની અનુભવવા લાગ્યા હતા . જે બાદ રાહુલ ગાંધી તેમને ઘર તરફ લઈ જવા રવાના થઈ ગયા હતા. મળતી માહિતી મુજબ રાહુલ ગાંધી આજે સંસદમાં બોલવાના હતા પણ માતાની તબિયત અચાનક ખરાબ થઈ જતા તેઓ તેમને સંસદમાંથી ઘરે લઈ જવા નીકળી ગયા છે. ત્યારે રાહુલ સોનિયા ગાંધીને ઘરે ડ્રોપ કરી પાછા આવીને લોકસભામાં બોલશે.

આ પહેલા યુપીએ અધ્યક્ષ જાન્યુઆરીના પહેલા સપ્તાહમાં બીમાર પડ્યા હતા. શ્વસન ચેપને કારણે તેમને સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

હૉસ્પિટલના બોર્ડ ઑફ મેનેજમેન્ટના અધ્યક્ષ ડૉ. અજય સ્વરૂપે જણાવ્યું હતું કે યુપીએ અધ્યક્ષ સોનિયા ગાંધી કે જેઓ વાયરલ શ્વસનને લગતા ચેપ માટે સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ હતા. તે સમયે રાહુલ ગાંધી ભારત જોડો યાત્રા પર હતા. માતા સોનિયા ગાંધીની તબિયત નાદુરસ્ત હોવાની માહિતી મળતા જ તેઓ યાત્રા અધવચ્ચે છોડીને દિલ્હી પહોંચ્યા હતા.

## કાશ્મીર અને લદ્દાખ ભારતનો અભિન્ન ભાગ હતો, છે અને રહેશે

**સંયુક્ત રાષ્ટ્રની બેઠકમાં ભારતનું આકરૂં વલણ : પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્રની બેઠકમાં ફરી એકવાર કાશ્મીર મુદ્દો ઉઠાવ્યો હતો**

વોશિંગ્ટન, તા.૭

હાલમાં પાકિસ્તાન પોતાના અસ્તિત્વ માટેની લડાઈ લડી રહ્યું છે અને ભયાનક આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. તેમ છતાં પાકિસ્તાન કાશ્મીર પર નજર ટકાવી બેઠું છે. પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્રની બેઠકમાં ફરી એકવાર કાશ્મીર મુદ્દો ઉઠાવ્યો હતો. જે બાદ ભારતે તેને જડબાતોડ જવાબ આપ્યો હતો. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિએ કહ્યું કે પાકિસ્તાનના પ્રતિનિધિ ગમે તે કહે અથવા માને, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખનો સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશ ભારતનો અભિન્ન ભાગ હતો, છે અને રહેશે.

ભારતીય પ્રતિનિધિએ કહ્યું કે, અમને પાકિસ્તાની પ્રતિનિધિમંડળ પાસેથી કોઈ પણ જાતની અપેક્ષા નથી. ભારતની બિનસાંપ્રદાયિકતાની ઓળખાણ અને મૂલ્યો સામે તેમને તકલીફ થઈ રહી છે. અને તે ભારતના મૂળ પાયા વિરુધ નફરતની આગ ફૂંકી રહ્યું છે. ગયા વર્ષે નવેમ્બરમાં પણ પાકિસ્તાને કાશ્મીર મુદ્દે ભારતને ઘેરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો, ત્યારે પણ ભારતના પ્રતિનિધિએ પાકિસ્તાનના પ્રચારનો જડબાતોડ જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાનના હતાશાથી ભર્યા પ્રયાસો અને બહુપક્ષીય મંચોનો દુરુપયોગ કરવાની ખરાબ આદત સહાનુભૂતિ મેળવવાનો પ્રયત્ન છે.

## આગામી દિવસ પશ્ચિમ ભાગમાં ભારે વરસાદ અને હિમવર્ષાની સંભાવના

**હવામાન વિભાગની મહત્વપૂર્ણ આગાહી : ગુલમર્ગમાં ૧૩ ઈંચથી વધુ બરફ પડ્યો હતો અને જમ્મુ અને કાશ્મીરના અન્ય ભાગોમાં સતત વરસાદ પડ્યો**

નવી દિલ્હી, તા.૭

આગામી કેટલાક દિવસો દરમિયાન દેશના પશ્ચિમી ક્ષેત્રના ઘણા ભાગોમાં વરસાદ પડી શકે છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ૮ થી ૧૦ ફેબ્રુઆરીની વચ્ચે દેશના પશ્ચિમ ભાગમાં છૂટાછવાયાથી ભારે વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. જ્યારે જમ્મુ, કાશ્મીર, લદ્દાખ અને હિમાચલ પ્રદેશના ઘણા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષા થશે. ગુલમર્ગમાં ૧૩ ઈંચ (૩૫ સેમી) થી વધુ બરફ પડ્યો હતો અને જમ્મુ અને કાશ્મીરના અન્ય ભાગોમાં સતત વરસાદ પડ્યો હતો. આઈએમડીએ તેના હવામાન બુલેટિનમાં જણાવ્યું છે કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવ હેઠળ આગામી ૨૪ કલાક દરમિયાન પશ્ચિમ હિમાલયના વિસ્તારોમાં ભારે વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે.

આઈએમડીના જણાવ્યા પ્રમાણે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ૮ ફેબ્રુઆરીની રાતથી પશ્ચિમ હિમાલયન ક્ષેત્રને અસર કરે તેવી શક્યતા છે. તેની અસરને કારણે ૮ ફેબ્રુઆરીથી ૧૦ ફેબ્રુઆરી દરમિયાન પશ્ચિમ હિમાલય વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ૯ અને ૧૦

● અનુસંધાન પાન-૭ પર

## બાલાસાહેબ થોરાટનું સીએલપીના પદેથી રાજીનામું

મુંબઈ, તા.૭

કોંગ્રેસના વરિષ્ઠ નેતા બાલાસાહેબ થોરાટે વિધાનસભામાં સીએલપીના પદ પરથી રાજીનામું આપી દીધું છે. નાસિક વિધાન પરિષદની ચૂંટણી બાદ બાલાસાહેબ થોરાટ અને પ્રદેશ અધ્યક્ષ નાના પટોલે વચ્ચે રસાકસી થઈ હતી. ગઈકાલે બાલાસાહેબ થોરાટે પણ નાના પટોલેને લઈને કોંગ્રેસ હાઈકમાન્ડને પત્ર લખીને નારાજગી વ્યક્ત કરી હતી.




## ભારત જોડો યાત્રા બાદ રાહુલ ગાંધીના સંસદમાં મોદી સરકાર પર આકરા પ્રહાર

નવી દિલ્હી, તા.૭

ભારત જોડો યાત્રાના સમાપન બાદ રાહુલ ગાંધી ફરી ગૃહની કામગીરીમાં સક્રિય દેખાયા



હત. આજે તેમણે લોકસભામાં સંબોધન કર્યું હતું. રાહુલ ગાંધીએ કહ્યું કે, તમે પણ રાજકારણી છો, હું પણ રાજકારણી છું. આજના રાજકારણમાં આપણે આપણી જૂની પરંપરા ભૂલી ગયા છીએ. પહેલા આપણે પગપાળા યાત્રા કરતા, હવે ગાડીમાં મુસાફરી કરીએ છીએ. પરંતુ જ્યારે પગપાળા ચાલુ છુ ત્યારે જ જનતા સાથે વાત કરવાનો મને મોકો મળે છે.

રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચા કરતી વખતે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ લોકસભામાં અનેક મુદ્દા ઉઠાવ્યા હતા. આ દરમિયાન તેમણે કેન્દ્ર પર પ્રહારો કરતા નિશાન સાધ્યું અને ભારત જોડો યાત્રાના અનુભવો પણ શેર કર્યા હતા. તેમણે કહ્યું કે 'ભારત જોડો યાત્રા' દરમિયાન ચાલતી વખતે કોંગ્રેસે લોકોનો અવાજ સાંભળ્યો અને પાર્ટીએ પોતાનો અવાજ ઉઠાવ્યો હતો. કોંગ્રેસે યાત્રા દરમિયાન બાળકો, મહિલાઓ અને વડીલો સાથે વાત કરી હતી. લોકોએ તેમની પીડા અમારી સામે વ્યક્ત કરી હતી.

લોકસભામાં રાહુલ ગાંધીએ કહ્યું કે, ૨૦૧૪માં અદાણી વિશ્વના સૌથી અમીર લોકોની યાદીમાં ૬૦૯માં નંબરે હતા, ખબર નહીં જાદુ થયો અને તે બીજા નંબર પર આવી ગયા. પીમ મોદી અને અદાણી વચ્ચે સંબંધ ઘણા વર્ષો પહેલા શરૂ થયો હતો, જ્યારે નરેન્દ્ર મોદી સીએમ હતા. તેમણે કહ્યું કે અદાણી માટે એરપોર્ટના નિયમો બદલાયા અને તે નિયમ કોણે બદલ્યા તે પણ મહત્વનું છે.

## બંગલાઓમાં ઘર કામકાજના દરમાં વધારો થયો

ગાંધીનગર શહેર - જિલ્લાઓમાં ઘર કામકાજ કે મોટર સાફસુફીનું કામ કરતા શ્રમિક ઘરઘાટીઓએ તેઓને મળતા મહેનતાણામાં માહે : જાન્યુઆરી-૨૦૨૩થી વધારો થયો.

ઘર કામ કરતા શ્રમિક ઘરઘાટીઓની તાજેતરમાં મળેલ બેઠકમાં આ દરમાં વધારો નક્કી કરવામાં આવ્યો છે.

- **એક કામ (માત્ર કચરા-પોતા) રૂ. ૧૦૦૦/-**
- **બે કામ (કચરા-પોતા તેમજ વાસણ માંજવા) રૂ. ૨૦૦૦/-**
- **ત્રણ કામ (કચરા-પોતા તેમજ વાસણ માંજવા અને કપડા ધુલાઈ) રૂ. ૩૦૦૦/-**

આમ ઉપયોગ કર્તાઓએ ઉપર મુજબ મહેનતાણું ચુકવવાનું રહેશે. આ ભાવના દરમાં વધારો આજની કમરતોડ મોંઘવારીને લક્ષમાં લઈ કરવામાં આવ્યો છે. કારણ કે, અન્ય નાગરિકોની જેમ શ્રમિક ઘરઘાટી પરિવારો ભાડેથી રહેવાનું. જીવન નિર્વાહ કરવાનું અને નિવાસસ્થાનથી કામના સ્થળે આવવા - જવાનો ખર્ચ ઉપરાંત પ્રત્યેક નાગરિક લઘુતમ જરૂરિયાત હોય તેમજ કરવાનો થતો હોય છે. આજ પ્રમાણે ફોર વ્હીલ (મોટર ગાડી) સાફસુફીમાં પણ એક મોટર દીઠ રૂ. ૧૦૦૦/- વપરાશકર્તાઓએ ચુકવવાના રહેશે.

આ દર વધારો માહે : જાન્યુઆરી-૨૦૨૩થી અમલિત કરવામાં આવ્યો છે.

લિ.

ગાંધીનગર શહેર-જિલ્લા

શ્રમિક-ઘરઘાટી પરિવાર યુનિયન